# શહેરમાં ૨૮૮ નવા કેસ : ૩૨૨ ડિસ્ચાર્જ

**સે. ૨ માં ૧૫ માસનો દિકરો સંક્રમિત થયો : પરિવારોના પરિવાર સંક્રમિત થયા : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૩૬, રાયસણમાં ૧૩, સરગાસણ-રાંદેસણમાં ૮-૮ કેસ, કોબામાં ૫, વાવોલમાં ૯ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૩ માં ૩૭ કેસ, સે. ૨ માં ૩૧, સે. ૭ માં ૨૫, સે. ૫ માં ૧૧, સે. ૮ માં ૮ કેસ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૨૮૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૮૦૦ને પાર કરી ૬૯૦૦ નજીક પહોંચી ગયા છે.

શહેરમાં કોરોનાના કેસોની સતત વધ-ઘટ થતી રહેતી હોવાથી તંત્રની ચિંતા વધી છે. જો કે રિકવરી રેટ ઘણો સુધર્યો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૨૮૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે પરિવારો વધુ સંક્રમિત થયા હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં માઈલ્ડ સિમટન્સના દર્દીઓ વધુ મળી રહ્યા હોવાથી મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે.

શહેરમાં નોંધાતા કેસોમાં મહિલા, બાળ દર્દીઓ તેમજ મોટી વયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૨૩ મહિલા દર્દી છે. જ્યારે ૫૦ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે અને ૨૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના નોંધાયા છે.

શહેરમાં આજે ૧૦ કે તેથી ઓછી વયના ૧૦ બાળદર્દી નોંધાયા છે. કુડાસણમાં ૩ વર્ષની દિકરી, રાયસણમાં ૪ વર્ષનો દિકરો, કુડાસણમાં ૧૦ વર્ષની દિકરી, સે. ૯ માં ૯ વર્ષની દિકરી, કુડાસણમાં ૧૦ વર્ષની દિકરી, જીઈબીમાં ૫ વર્ષનો દિકરો, સે. ૨ માં ૮ વર્ષની દિકરી, સે. ૨૨ માં ૫ વર્ષનો દિકરો, સે. ૭ માં ૫ વર્ષની દિકરી તેમજ સે. ૨ માં ૧૫ મહિનાની કુમળી આયુ ધરાવતો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણમાં ૩૬, રાયસણમાં ૧૩, સરગાસણ-રાંદેસણમાં ૮-૮, કોબામાં ૫, વાવોલમાં ૯ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત પેથાપુરમાં ૩, જીઈબીમાં ૨, રાંધેજામાં ૪, અંબાપુરમાં ૧ કેસ નોંધાયો છે. તંત્રએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

શહેરના સેક્ટરોમાં સે. ૩ માં ૩૭ કેસ, સે. ૨ માં ૩૧, સે. ૭ માં ૨૫, સે. ૫ માં ૧૧, સે. ૮ માં ૮ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સે. ૨૭, ૨૯ માં ૭-૭ કેસ, સે. ૧૩, ૨૦, ૧૯, ૨૪, ૩૦ માં ૬-૬ કેસ તેમજ સે. ૬, ૧૨, ૨૧ માં ૫-૫ કેસ, સે. ૨૨, ૨૩ અને સે. ૯ માં ૪-૪ કેસ નોંધાયા છે.

બીજી લ્હેરના સંવેદનશીલ વિસ્તારો આ લ્હેરમાં પણ સંવેદનશીલ બનીને જ ઉભર્યા છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે માટેની કડક સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં આજે ૩૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં આજે પણ ૨૨૦૦ જેટલા નમૂનાઓ પરીક્ષણ માટે લેવામાં આવ્યા છે. પોઝીટીવીટી રેટ ઘણો નીચો જઈ રહ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે ૨૪૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. હોસ્પિટલાઈઝેશન દર પણ ઓછો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. શહેરમાં પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેવો વિશ્વાસ પણ આ સૂત્રોએ વ્યક્ત કર્યો છે.

# રાજ્યમાં કોરોનાના નવા કુલ ૬૬૭૯ કેસ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં કોરોના વાયરસની ત્રીજી લહેર આવીને જતી રહી હોય તેમ અચાનક કેસ ઘટવા લાગ્યા છે. ગુજરાતમાં આજે કોરોનાના ૬૬૭૯ કેસ નોંધાયા હતા. જે અત્યાર સુધીની તુલનાએ ખુબ જ ઓછા હતા. બીજી તરફ ૧૪૧૭૧ દર્દીઓ રિકવર પણ થયા હતા. અત્યાર સુધીમાં ગુજરાતમાં કુલ ૧૦,૬૬,૩૯૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૧.૮૮ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૨,૪૬,૩૯૭ નાગરિકોનું રસીકરણ કરાયું હતું.

આજે ગુજરાતમાં કોરોનાના ૬૬૭૯ કેસની વાત કરીએ તો ૩૫ લોકોના મોત થયા છે, જ્યારે અમદાવાદમાં ૨૩૯૯ કેસ અને ૬ દર્દીના મોત થયા છે. અનુક્રમે સુરતમાં ૪૧૮ કેસ, ૭ દર્દીના મોત, વડોદરામાં ૧૦૪૫ કેસ, ૪ દર્દીના મોત રાજકોટમાં ૭૭૭ કેસ, ૩ દર્દીના મોત, ગાંધીનગરમાં ૩૯૨, ૧ દર્દીનું મોત, જામનગરમાં ૧૩૪ કેસ, ૧ દર્દીનું મોત, મહેસાણામાં ૧૪૪ કેસ, ૧ દર્દીનું મોત, ભાવનગરમાં ૮૪ કેસ, ૫ દર્દીના મોત, વલસાડમાં ૬૫ કેસ, ૧ દર્દીનું મોત, પંચમહાલમાં ૫૮ કેસ, ૨ દર્દીના મોત, અમરેલીમાં ૪૫ કેસ, ૧ દર્દીનું મોત, બોટદમાં ૬ કેસ, ૧ દર્દીનું મોત, દ્વારકામાં ૩ કેસ, ૧ દર્દીનું મોત, કચ્છમાં ૨૧૧, પાટણમાં ૧૪૬, મોરબીમાં ૧૩૫ કેસ, બનાસકાંઠામાં ૯૬, નવસારીમાં ૮૯, ભરૂચમાં ૭૯ કેસ, ખેડામાં ૭૨, આણંદમાં ૪૪, દાહોદમાં ૩૩ કેસ, ગીરસોમનાથમાં ૩૦, સાબરકાંઠામાં ૨૯, તાપીમાં ૨૬ કેસ, સુરેન્દ્રનગરમાં ૨૨, નર્મદામાં ૧૬, છોટાઉદેપુરમાં ૧૫ કેસ, મહીસાગરમાં ૯ અને અરવલ્લીમાં ૨ કેસ નોંધાયા છે.

# જિલ્લામાં નવા ૧૦૪ કેસ નોંધાયા : ૧૪૭ને ડિસ્ચાર્જ

**પાંચ ૧૦ વર્ષ કે તેથી નીચેની વયના બાળકો સંક્રમિત થયા : દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૪૩, માણસામાં ૨૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા કેસો આજે ૧૦૪ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૧૦૦ને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની વધ-ઘટથી તંત્ર ચિંતાતુર છે. જોકે તંત્રના સૂત્રોનું કહેવુ છે કે હવે કેસો ઘટવા તરફ છે. ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ પણ સારો હોવાનું આ સૂત્રોએ કહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૪૩ અને માણસામાં ૨૨ કેસ નોંધાયા છે. માણસા-દહેગામમાં સંક્રમણ સ્થિર થયુ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. ગાંધીનગર-કલોલમાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૪૦ મહિલા દર્દી, ૧૬ વિદ્યાર્થી, ૭ ખેડૂત, એક આશા કાર્યકર તેમજ ૩ સરકારી કર્મચારીઓ સંક્રમિત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના અને ૧૧ થી ૨૦ વર્ષના વયજૂથમાં ૧૩ દર્દીઓ છે. મહિલાઓ વયસ્કો અને બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષથી નીચેના બાળકો જે સંક્રમિત થયા છે તેમાં અડાલજમાં ૩ વર્ષની દિકરી, કલોલમાં ૧૦ વર્ષની દિકરી, કલોલમાં ૧૦ વર્ષનો દિકરો, માણસામાં ૮ વર્ષનો દિકરો તેમજ રખિયાલમાં ૮ વર્ષના દિકરાનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી એક પણ દર્દીને દાખલ કરવામાં આવેલ નથી. બધા જ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામમાં આજે શહેરમાં બે કેસ તેમજ રખિયાલમાં ૮ કેસ નોંધાયા છે. આ ઉપરાંત હરસોલી, સલકી, વાસણા ચૌધરીમાંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં લવારપુરમાં ૭, મોટા ચિલોડામાં ૨, ગિફ્ટસીટીમાં ૨, શાહપુરમાં ૩, ઉનાવામાં ૪ અને અડાલજમાં ૭ કેસ મળ્યા છે. આ ઉપરાંત ડભોડા, સવજીના મુવાડા, પ્રાંતિયા, રૂપાલ, ચિલોડામાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં બોરીસણામાંથી ૮, કલોલ શહેરમાંથી ૨૧, પાનસરમાંથી ૭ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત નારદીપુર, નવા, પલિયડ, વાયણા, રાંચરડા, ઈસંડ અને શાંતિગ્રામ અદાણીમાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાંથી ૭, લોદરા, પુંધરા અને અંબોડમાંથી ૨-૨ કેસ ઉપરાંત ચરાડા, સૌલૈયા, રંગપુર, કુવાદરા, ધનપુર, લિંબોદ્રા, મુબારકપુર, વરસોડા અને અલુવામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ૪૧૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે તેમજ સઘન સર્વેલન્સ માટેના આદેશો આપ્યા છે.

# ગુજરાત વિજ્ઞાન સંમેલન-૨૦૨૨નું વર્ચ્યુઅલ આયોજન કરાયું

**કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી અને ડો. કુબેર ડીંડોર સહિત વિજ્ઞાનીઓ અને વિદ્યાર્થીઓની ઓનલાઇન હાજરીમાં ઉદ્‌ઘાટન કરાયું**

ગાંધીનગર તા.૩૧

આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિજ્ઞાન ગુર્જરી દ્વારા વિજ્ઞાન દ્વારા ગુજરાતના વિકાસની મુખ્ય અવધારણાંને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવા ગુજરાત વિજ્ઞાન સંમેલન-૨૦૨૨ વૈજ્ઞાનિક પરિષદનું આયોજન તા. ૩૦ જાન્યુઆરીથી તા.૫મી ફેબ્રુઆરી દરમ્યાન વર્ચ્યુઅલ મોડ પર કરવામાં આવ્યું છે. જીવીએસ-૨૦૨૨નું ઉદઘાટન વર્ચ્યુઅલ મોડ પર કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખભાઈ માંડવિયા, રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય કક્ષાના મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર "વિભા"ના રાષ્ટ્રીય સંગઠન સચિવ જયંતજી સહસ્રબુદ્ધેની ઉપસ્થિતિમાં યોજાયું હતું.



મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે "વિવિધ વિષયોમાં વિધ્યાર્થીઓ તથા સંશોધનકર્તા અને નિષ્ણાંતો પોતાની વાતો રજૂ કરશે અને ભવિષ્યમાં ગુજરાતના વિકાસમાં તે કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની ચર્ચા કરશે". જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે "ગુજરાતના વિકાસમાં આવનારા સમયમાં વિજ્ઞાન આધારીત ઘણા મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ જોવા મળશે. ૨૦૨૫સુધીમાં ગુજરાત દેશની પુનઃપ્રાપ્ય ઉર્જા કેપિટલ તરીકે પણ તેની સ્થિતિ મજબૂત કરશે". ડૉ. કુબેર ડીંડોરે જણાવાયું હતું કે "જીવીએસ-૨૦૨૨માં ભાગ લેનારા વિજ્ઞાનીઓ-વિદ્યાર્થીઓ ગુજરાતના વિકાસમાં પોતાનો અમુલ્ય ફાળો આપશે એવું મને લાગે છે.

આ પ્રસંગે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ ઉપસ્થિત રહ્યાં હતા જેમાં જીટીયુના કુલપતિ પ્રો. નવીન શેઠ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હિમાંશુ પંડ્યા, વિજ્ઞાન ભારતીના અખિલ ભારતીય કાર્યકારણી સદસ્ય ડો. વિદ્યાધર વૈદ્ય, વિજ્ઞાન ગુજરાતના પ્રાંત અધ્યક્ષ ડો. ચૈતન્ય જોશી, જીવીએસ-૨૦૨૨ના સંયોજક ડો.પ્રશાંત કુંજડિયા અને સહસંયોજક જીગ્નેશ બોરીસાગરે હાજરી આપી હતી. કાર્યક્રમનું જીવંત પ્રસારણ વિજ્ઞાન વિવિધ રાજ્યોમાંથી ઉદ્યોગોકારો, સંશોધકો એન્જીનીયરો આયુર્વેદ ડોક્ટરો,શિક્ષકો, ગણિતજ્ઞો વગેરે નિહાળ્યું હતું તેવું સંસ્થા જણાવાયું હતું.



## શિહોલીના ખેડૂતોને વિજળી સમયસર આપવા રજૂઆત

ગાંધીનગર જિલ્લામાં ખેત-વિજળી આપવાની શિડ્યુલ સમયસર ૮.૩૦ વાગે સાંજે આપવા ખેડૂતોએ ચિલોડા યુ.જી.વી.સી.એલ. કચેરીએ લેખિતમાં અરજી દ્વારા ઉગ્ર રજૂઆત કરી હતી. ખેત-ટ્યુબવેલ વીજળી બોર્ડ દ્વારા રાત્રે ૧૨.૩૦ વાગે આપવાથી ખેડૂતો કડકડતી ઠંડીમાં ઉજાગરા કરી જોખમ ખેડી રવિ સિઝનમાં પાક બચાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. આ પરિણામે જિલ્લાના ખેડૂતોની નમ્ર વિનંતી છે રાત્રે ૮.૩૦ વાગે વીજ પુરવઠો (શિડ્યુલ પ્રમાણે) પુરો પાડવા ખેડૂતોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે. ખેત વીજળી સેટીંગ ન થતું હોય તો ઉદ્યોગોમાં જરૂરી સિઝન પ્રમાણે કાપ મુકવા ખેડૂતોની નમ્ર માંગ પ્રવર્તી રહી છે. આમ છતાં ટૂંક સમયમાં વીજ મુદ્દે રાજ્ય સરકારમાં રજૂઆત કરવાની પૂર્વ તૈયારી દર્શાવી છે.

## ભાજપના કર્ણાવતી મહાનગર સાંસ્કૃતિક સેલના હોદ્દેદારોની વરણી કરાઇ

ગાંધીનગર, તા. ૩૧

ભાજપના કર્ણાવતી મહાનગર સાંસ્કૃતિક સેલના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં જાણીતા કલાકાર અને ફિલ્મ નિર્માતા અભિલાષ ઘોડાના સંયોજક પદે તેમના સહિત કુલ ૧૦ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હોવાની ભાજપના અમદાવાદના શહેર અધ્યક્ષ અમિત પી. શાહ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. આ સમિતિમાં સાંસ્કૃતિક સેલના સંયોજક તરીકે અભિલાષ ઘોડા, સહ સંયોજકપદે હિમાંશુ ચૌહાણ તથા સમિતિના સભ્યોમાં કૌશિક શ્રીમાળી, ભાવેશ દવે, ભૂષણ ભટ્ટ, દિનેશ કાનાણી, ઉદય વ્યાસ, યશ ચંદ્રકાન્ત રામી, ઉમંગ આચાર્ય અને વિવેક શાહની નિયુક્તિ કરવામાં આવી છે.

# ધોરણ ૧થી ૯ના વર્ગો ૫ ફેબ્રુ. સુધી બંધ રાખવા નિર્ણય કરાયો

**પ્રવર્તમાન કોરોના સંક્રમણ સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરીને બાળકોના આરોગ્યરક્ષા હિતમાં આ નિર્ણય લેવાયો**

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં હાલ કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ ધ્યાને લઇ વિદ્યાર્થીઓના વ્યાપક આરોગ્ય હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યની શાળાઓમાં ધોરણ ૧થી ૯ના વર્ગોમાં આગામી ૫ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી વર્ગખંડ શિક્ષણ એટલે કે ઓફલાઈન એજ્યુકેશન બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

આજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણ સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરીને વિદ્યાર્થી-બાળકોના વ્યાપક આરોગ્યરક્ષા હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ કોર કમિટીના આ નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું કે, આગામી તારીખ ૫ ફેબ્રુઆરી સુધી રાજ્યમાં ધોરણ ૧ થી ૯ના વર્ગોમાં માત્ર ઓન લાઇન શિક્ષણ જ ચાલુ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આ અગાઉ ગત તા. ૭મી જાન્યુઆરીએ નિર્ણય કર્યો હતો કે, ૩૧ જાન્યુઆરી સુધી ધોરણ ૧ થી ૯ ના વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ બંધ રાખવામાં આવશે. આ નિર્ણયની સમયાવધિ આજે પૂર્ણ થતા કોરોના સંક્રમણની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કર્યા બાદ ઓફલાઈન- વર્ગખંડ શિક્ષણ હજી વધુ સમય એટલે કે, ૫ ફેબ્રુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ શિક્ષણમંત્રીએ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હવે તારીખ ૫ ફેબ્રુઆરીએ સ્થિતિની પુનઃ સમીક્ષા કરીને શાળાઓમાં ક્લાસ રૂમ ટિચિંગ એટલે કે વર્ગ ખંડ શિક્ષણ અંગે યોગ્ય નિર્ણય કરશે.

ઉલ્લેખનીય છે કે કોર કમિટીની આ બેઠકમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ પંકજ કુમાર તેમજ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### કપરા કાળમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, બાબા સાહેબે કહ્યું હતું કે, એવો સમાજ મારો આદર્શ હશે જે સ્વાધીનતા, ભાઈચારા પર આધારીત હોય. સરકાર બાબા સાહેબના શબ્દોને ધ્યેય વાક્ય માને છે. પદ્મ પુરસ્કારોની જે યાદી આવી તેમાં આ દેખાઈ શકે છે. સરકાર ગરીબોની ગરિમા વધારવાનું કામ કરે છે. ગરીબોને ૨ કરોડ કરતાં પણ વધારે પાકા મકાનો મળ્યા છે. આવાસ યોજના અંતર્ગત ૧ કરોડ કરતાં વધારે ઘરો સ્વીકૃત કરવામાં આવ્યા છે.

પીવાના પાણીની વ્યવસ્થા થઈ તેના કારણે મહિલાઓને રાહત મળી. સ્વામીત્વ યોજનાના કારણે ઘરના કાગળ (પ્રોપર્ટી કાર્ડ) મળ્યા જેથી વિવાદ ઘટ્યો. રાષ્ટ્રપતિના અભિભાષણની સમાપ્તિ સાથે જ આજથી બજેટ સત્રની શરૂઆત થઈ ગઈ છે. રાષ્ટ્રપતિએ સંસદના કેન્દ્રીય કક્ષમાં બંને સદનોની સંયુક્ત બેઠકને સંબોધિત કરી હતી અને હવે બંને સદનોની કાર્યવાહી અલગ-અલગ શરૂ થશે. બજેટ સત્ર પહેલા વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાતચીત કરી હતી અને વડાપ્રધાને તમામ સાંસદોનું બજેટ સત્રમાં સ્વાગત કર્યું હતું.

### સભાને મંજૂરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોવિડ સંકટની જગ્યાએ ચૂંટણી પંચે ૩૧ જાન્યુઆરી સુધી જનસભાઓ અને રેલીઓ પર રોક લગાવી હતી. પહેલા આ રોક ૧૫ જાન્યુઆરી સુધી હતી ફરીથી ૨૨ જાન્યુઆરી સુધી વધારાઈ અને બાદમાં ૩૧ જાન્યુઆરી સુધી આને આગળ ખેંચવામાં આવી. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૦૯,૯૧૮ નવા કેસ આવ્યા છે. ૯૫૯ લોકોના કોરોનાથી મોત થયા છે. ઉલ્લેખનીય છે કે ૧૦ ફેબ્રુઆરીથી મતદાન શરૂ થવાનુ છે. જે પાંચ રાજ્યોમાં ચૂંટણી થવાની છે તેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર સામેલ છે. યુપીમાં કુલ સાત તબક્કામાં મતદાન થશે. મણિપુરમાં બે તબક્કામાં મતદાન થશે. આ સિવાય પંજાબ, ઉત્તરાખંડ અને ગોવામાં સિંગલ ફેઝમાં મતદાન થશે. પાંચ રાજ્યોના ચૂંટણીના પરિણામ ૧૦ માર્ચે આવશે.

### વૃદ્ધિદર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આર્થિક સર્વેક્ષણને ઉપલા ગૃહમાં પણ રજૂ કરાશે. રાજ્યસભામાં રજૂ કરાયા બાદ સમીક્ષા ૩.૩૦ વાગે યુનિયન બજેટના પોર્ટલ અને એપ પર ઉપલબ્ધ થશે. આ વખતેનું આર્થિક સર્વેક્ષણ એક જ ભાગમાં છે. આ પહેલા સુધી આર્થિક સમીક્ષાના બે વોલ્યૂમ રહેતા હતા. ડિસેમ્બરથી સીઈએનું પદ ખાલી હોવાના કારણે આ વખતે સિંગલ વોલ્યૂમ આર્થિક સમીક્ષા તૈયાર કરાઈ છે. પીએમ મોદીએ કહ્યું કે આજથી બજેટ સેશન શરૂ થઈ રહ્યું છે. હું તમામ સાંસદોનું સત્ર માટે સ્વાગત કરું છું. આજની વૈશ્વિક સ્થિતિમાં ભારત માટે અનેક અવસરો છે. આ સત્ર દેશની આર્થિક પ્રગતિ, રસીકરણ કાર્યક્રમ, મેડ ઈન ઈન્ડિયા રસી વિશે દુનિયામાં વિશ્વાસ વધારશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ સત્રમાં પણ ચર્ચા, ચર્ચાના મુદ્દા અને ખુલ્લા વિચારોવાળી ચર્ચા વૈશ્વિક પ્રભાવ માટે એક મહત્વપૂર્ણ અવસર બની શકે છે. મને આશા છે કે તમામ સાંસદો, રાજકીય પક્ષો ખુલ્લા મગજથી ગુણવત્તાવાળી ચર્ચા કરશે અને દેશને ઝડપથી વિકાસના પથ પર લઈ જવામાં મદદ કરશે. પીએમ મોદીએ કહ્યું કે એ સાચુ છે કે ચૂંટણી સત્ર અને ચર્ચા પર પ્રભાવ કરે છે પરંતુ મારી તમામ સાંસદોને અપીલ છે કે ચૂંટણી તો થતી રહેશે પરંતુ બજેટ સત્ર આખા વર્ષનું બ્લ્યૂપ્રિન્ટ છે. આપણે આ સત્રમાં જેટલી સારી ચર્ચા કરીશું, દેશને આર્થિક ઊંચાઈઓ પર લઈ જવા માટે એટલી જ તકો મળશે.

### નોટિસ-સમન્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે કોઈ એ તર્ક આપી શકે છે કે આવા જૂના રેકોર્ડ રાખવામાં આવ્યા નથી, અહીં સુધી કે આઈટી અધિનિયમ હેઠળ ફરીથી ખોલવાની નોટિસ હવે માત્ર ૧૦ વર્ષ પાછળ જારી કરવામાં આવી શકે છે. એપ્રિલ ૨૦૨૧ પહેલા, ઑફશોર અસ્કયામતો માટે ફરીથી ખોલવાનો સમયગાળો ૧૬ વર્ષ હતો; ફાયનાન્સ એક્ટ ૨૦૨૧ હેઠળ આને ઘટાડીને ૧૦ વર્ષ કરવામાં આવ્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભેલાણ અટકાવવા વિજ કરંટના ખતરનાક ખેલ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખેતીની દરેક સીઝનમાં નિલગાયો અને ભૂંડનાં ટોળાં ખેતરોમાં ઉતરી આવી પાકમાં ભેલાણ કરતાં હોવાથી ખેડૂતો પરેશાન થઈ ગયા છે જ્યારે ખેતરોમાં રાત્રિ જગો કરવા છતાં ભેલાણ અટકતું ન હોવાથી જિલ્લાના કેટલાક ખેડૂતોએ ભેલાણ અટકાવવા માટે ખતરનાક પ્રયોગો શરૂ કર્યા હોય તેમ રાત્રે ખેતરની વાડમાં વિજ કરંટ વહેતો કરી પોતાની જાતે જ મોટું જોખમ ઉભુ કરતા થયા છે જ્યારે આ પ્રકારે વાડમાં વિજ કરંટ વહેતો કરવાથી અગાઉ પાલતુ પશુઓથી માંડી અન્ય જાનહાનિના કિસ્સાઓ પણ નોંધાયા હોવા છતાં ખેડૂતો ખતરારૂપ પ્રયાસો છોડવા તૈયાર ન હોવાથી જિલ્લામાં ભેલાણ અટકાવવાના કીમીયાથી મોટી જાનહાનિ સર્જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી નિલગાયોની સંખ્યામાં ધરખમ વધારો નોંધાયો છે અને ભૂંડનો ત્રાસ પણ ખેડૂતો માટે માથાના દુઃખાવારૂપ બની રહ્યો છે. ખેતીની સીઝનમાં નિલગાયો તથા ભૂંડનાં ટોળાં રાત્રે ખેતરોમાં ઉતરી આવી ખેતી પાકોનો સફાયો કરી નાખતા હોવાથી ખેડૂતોને પાક ઉપજમાં મોટું નુકસાન સહન કરવું પડતું હોય છે. જિલ્લામાં નિલગાયોના ભેલાણ સામે વન તંત્રએ હાથ ઉંચા કરી દેતાં ખેડૂતો હવે જાતે જ ભેલાણ અટકાવવાના પ્રયાસો કરવા લાગ્યા છે જેમાં રાત્રે ખેતરોમાં દારૂખાનું ફોડવાથી માંડી ખેતરોની વાડ ફરતે નકામી સાડીઓ બાંધી ભેલાણ અટકાવવાનો પ્રયાસ કરતા હોય છે પરંતુ રાત પડે નિલગાયો અને ભૂંડનાં ટોળાં ખેતરોમાં પ્રવેશી ખેતી પાકોનો સફાયો કરી નાખતા હોય છે. જેથી ખેડૂતો પણ હવે વાજ આવી ગયા છે અને ખતરનાક પ્રયોગોથી પાક બચાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. જિલ્લામાં કેટલાક ખેડૂતો રાત્રે ખેતરની વાડમાં વિજ કરંટ વહેતો કરી દે છે અને ખેતરની વાડ સુધી નિલગાય કે ભૂંડ આવે ત્યારે વિજ કરંટની ઝટકાથી દૂર ભાગી જતા હોય છે જેમાં કેટલાક વિસ્તારોમાં તો વિજ કરંટથી નિલગાયોના મોતના બનાવો પણ નોંધાયા હોવા છતાં સમગ્ર ઘટનાને દબાવી દેવાઈ હતી. જો કે ખેડૂતોના ભેલાણ અટકાવવાના આ ખતરનાક ખેલથી કેટલાક વિસ્તારોમાં ખુદ ખેડૂતોનાં દૂધાળાં પશુઓ મોતને ભેટ્યાની વિગતો પણ બહાર આવી છે. જો કે આવા ખતરારૂપ પ્રયોગો કરવા માટે ખેડૂતો મજબૂર બન્યા હોવાથી જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં રાત્રે ખેતરોની વાડમાં વિજ કરંટ વહેતો કરવાની જાણે કે પરંપરા શરૂ થઈ ગઈ હોય તેમ ભેલાણ અટકાવવા માટે વિજ કરંટનો ઉપયોગ થઈ રહ્યો છે જ્યારે આ જોખમી ખેલથી ખુદ ખેડૂતોના માથે પણ સંકટ મંડરાતું હોવા છતાં ખેડૂતો આવા પ્રયોગો કરતાં જરાય અચકાતા નથી. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી નિલગાય તથા ભૂંડના ભેલાણથી ખેડૂતોને મોટું આર્થિક નુક્સાન સહન કરવાનો વારો આવતાં આવા જોખમી પ્રયોગો શરૂ કરાયાનું જાણવા મળેલ છે.

### ૫૦ ટકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિષ્ણાંતોથી વિચાર-વિમર્શ બાદ કરવામાં આવશે. આને લઈને મંત્રીઓના અલગ-અલગ નિવેદન આવી રહ્યા હતા. અગાઉ ચિકિત્સા શિક્ષા મંત્રી વિશ્વાસ સારંગે સવારે કહ્યુ કે સ્કુલ ખોલવાનો નિર્ણય વિશેષજ્ઞો પાસે વિચાર-વિમર્શ બાદ લેવામાં આવશે.

સૂત્રો અનુસાર મધ્ય પ્રદેશમાં છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસ સતત ઓછા થઈ ગયા છે. એવામાં સ્કુલ ખોલવાનો નિર્ણય લેવાયો છે.

નવેમ્બરમાં સરકારે ૧૦૦% ક્ષમતા સાથે સ્કુલ ચલાવવાનો નિર્ણય કર્યો હતો. જે બાદ જ્યારે જાન્યુઆરીમાં કોરોના કેસ વધવા લાગ્યા તો સરકારે પીછેહઠ કરી. ૧૫થી ૩૧ જાન્યુઆરી સુધી તમામ સ્કુલ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

### ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવક થશે. જોકે ખર્ચ આ વ્યવસ્થા પાછળ થવાનો છે તે મોટો છે.

તેમણે કહ્યુ કે સરકારમાંથી વધુ ગ્રાન્ટ મળે તેના પ્રયાસોમાં કોઈજ કચાશ રાખવામાં આવશે નહિ.

મિલ્કતવેરાના દરો ક્ષેત્રફળ આધારિત હોવાથી વિરોધનો વંટોળ શરૂ થવાની સંભાવનાઓ નહિ હોવાનું સ્પષ્ટ કર્યુ હતુ. તેમણે કહ્યુ કે ક્ષેત્રફળ આધારિત વેરાની પદ્ધતિ એ નિર્વિવાદ પદ્ધતિ છે.

કમિશનરે જણાવ્યુ હતુ કે વાહનવેરો, વ્યવસાયવેરાની આવક વધશે તેવા અંદાજો છે. તેમણે કહ્યુ કે નવા ભેળવવામાં આવેલ વિસ્તાર અને જુના વિસ્તાર વચ્ચે સંતુલન ઉભુ કરવાનો પ્રયાસ છે.

ડૉ. ધવલ પટેલે જણાવ્યુ હતુ કે આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ અને અન્ય બાબતો પર પણ ધ્યાન આપવામાં આવ્યુ છે. તેમણે આ બજેટ સર્વહિત લક્ષી બજેટ ગણાવ્યુ હતુ.